## મે. એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની નેગો.ઈ.એક્ટની કોર્ટ નં. ૨૮ અમદાવાદમાં

## ક્રિ. કે. નં. 2803360/2008

### આંક –૧ હેઠળ હુકમ

ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ ધી નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુન્હા અન્વયે દાખલ કરવામાં આવેલ છે. આ કામનું રેકર્ડ તથા પ્રોસીંગ્સ જોતાં સદરહુ કામ આરોપી પર પ્રોસેસ બજવણીના તબકકે લાંબા સમયથી પેન્ડીંગ છે. ફરીયાદી કે તેમના વિ. વકીલશ્રી છેલ્લી ઘણી મુદતોથી હાજર રહેલા નથી તેમજ ફરીયાદીના વિ.વકીલશ્રીએ પણ ફરીયાદીની ગેરહાજરી સબબનો કોઈ મુકિત રીપોર્ટ પણ રજુ કરેલો નથી, આવા સંજોગોમાં ફરીયાદ પક્ષે કોર્ટમાં હાજર રહીને સક્રિયપણે કેસ આગળ ચાલ તેવા કોઈ પ્રયત્નો કરેલા નથી તેવું રેકર્ડ ઉપરથી ફલીત થાય છે. સદર કામ બજવણીના તબકકે હોવા માત્રથી ફરીયાદી હાજર ન રહે અને કોઈપણ જાતની પ્રોસેસ બજાવવાની કાર્યવાહી કરવા માટે આગળ ન આવે તે ઈચ્છનીય નથી. જયારે ફરીયાદી તરફે તેમના વિ.વકીલશ્રીને રાખવામાં આવેલા હોય ત્યારે ફરીયાદીની ગેરહાજરીમાં તેમના વિ. વકીલશ્રીએ હાજર રહીને કાર્યવાહીનો દોર આગળ ચલાવવા માટેના સક્રિય પ્રયાસો કરવા રહયા. આરોપી પરનો પ્રોસેસ બજાવવા માટેની કાર્યવાહી કે સરનામા રજુ કરીને કાર્યવાહી આગળ ધપાવવાની હોય છે, પરંતુ તેવા કોઈ સક્રિય પ્રયાસો કરવામાં આવેલ હોવાનું જણાઈ આવતું નથી. કાયદાકીય જોગવાઈ મુજબ હાલના કેસની કાર્યવાહી છ માસમાં પૂર્ણ કરવાની હોય છે પરંતુ આ કામનું રેકર્ડ અને પ્રોસીડીંગ્સ જોતાં લાંબા સમયથી ફરીયાદી હાજર રહેતા નથી કે તેમના વિ. વકીલશ્રી પણ હાજર રહેતા ન હોઈ નામદાર કોર્ટ તરફથી ફરીયાદીને હાજર રહેવા માટેની નોટીસ તથા બેલેબલ વોરંટ પણ કાઢેલ જે નોટીસ તથા વોરંટ બજે કે વગર બજે પરત આવેલ નથી. ફરીયાદીને નોટીસ / વોરંટ કાઢવા છતાં તેમજ ફરીયાદીને હાજર રાખવા માટેના પૂરતા પ્રયત્ન કરેલ હોવા છતાં ફરીયાદી હાજર રહેતા નથી. આજરોજ પણ વારંવાર પોકાર કરવા છતાં ફરીયાદી કે તેઓના વિ. વકીલશ્રી હાજર રહેલા નથી કે કોઈ રીપોર્ટ રજુ રાખવામાં આવેલ નથી. આ તબકકે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૨૫૬ ધ્યાને લેવી ખુબજ જરૂરી છે જે નીચે મુજબ છે.

Section 256 of c.r.p.c. Non-appearance or death of complainant.

(1) If the summons has been issued on complaint, and on the day appointed for the appearance of the accused, or any day subsequent thereto to which the hearing may be adjuorned, the complainant does not appear, the Magistrate shall, notwithstanding anything herein before contained,acquit the accused, unless for some reason he thinks proper to adjourn the hearing of the case to some other day: Provided that where the complainant is represented by a pleader or by the officer conducting the prosecution or where the Magistrate

is of opinion that the personal attendance of the complainant is not necessary, the Magistrate may dispense with his attendance and proceed with the case.
(2) The provisions of sub-section(1) shall,so far as may be,apply also to cases where the non-appearance of the complainant is due to his death.

ઉપરોકત ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ ની જોગવાઈ ધ્યાને રાખી તથા તાજેતરમાં જ નામદાર ગુજરાત હાઈકોર્ટના ભવાની વિરૂધ્ધ સ્ટેટ, ક્રિમિનલ અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯, તા.૧૮/૦૧/૨૦૧૦ નાં ચુકાદાને ધ્યાને લેતાં, તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૬ ની છણાવટ કરી ઠરાવેલ છે કે, જો ફરિયાદી કે તેમનાં વિ.વ.શ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતાં ન હોય અને કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રિય પ્રયાસો કરતાં ન હોય, તો તે ફરિયાદ પક્ષાની બેદરકારી કહેવાય અને તેવી બેદરકારીનાં કારણે ફરિયાદીની ફરિયાદ રદ થવાને પાત્ર છે. હાલનાં કેસમાં પણ ફરિયાદી કે તેમનાં વિ.વ.શ્રી ઘણાં લાંબા સમયથી ન્યાયિક કાર્યવાહીમાં હાજર રહેતાં નથી તેમજ કેસની કાર્યવાહી આગળ કપાવવા કોઈ સક્રિ્રય પ્રયાસ કરતાં ન હોય, ત્યારે તે ફરિયાદ પક્ષની બેદરકારી કહેવાય અને તેવી બેદરકારીના કારણોસર તેઓની ફરિયાદ રદ થવાને પાત્ર હોઈ, ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

ફરિયાદીની ગેરહાજરીને કારણે હાલની ફરિયાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ અન્વયે ડિસમીસ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે તથા આરોપીને તેમની વિરૂધ્ધનાં ધી નૅગોશીએબલ ઈન્સ્ટ્રુમૅન્ટ ઍક્ટની કલમ–૧૩૮નાં ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખઃ ૨૦મી, જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ જાહેર કર્યો.

**તા. ૨૦/૧/૨૦૧૮**
**અમદાવાદ**

**(પી. એલ. પટેલ)**
**GJ00890**
**ઇ. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ**
**(ને.ઇ.એ.) કોર્ટ નં. ૨૮, અમદાવાદ.**